# નિતીન પટેલને માર્ગ-મકાન અને સૌરભભાઈને નાણા વિભાગ



## મહેસુલ અને શહેરી વિકાસ જેવા મહત્વના વિભાગો મુખ્યમંત્રીએ પોતાની પાસે રાખ્યા : ખાતા ફાળવણીમાં નજીવા ફેરફાર

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના નવા મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની કેબિનેટમાં મહત્વના વિભાગોની જવાબદારી કોઈને સોંપવામાં આવી નથી. આશ્ચર્યજનક બાબત તો એવી છે કે મુખ્યમંત્રીની રેસમાં હોવાનો દાવો કરતા નાણામંત્રી નિતીન પટેલની પાંખો કાપી લેવામાં આવી છે. તેમની પાસેથી નાણા વિભાગનો હવાલો લઈ લેવામાં આવ્યો છે અને તેની જવાબદારી સૌરભ પટેલને સોંપવામાં આવી છે.

નરેન્દ્ર મોદીની કેબિનેટમાં કુલ ૨૨ મંત્રીઓ હતા તે પૈકી બે મંત્રીઓ લીલાધર વાઘેલા અને જસવંતસિંહ ભાભોર લોકસભાના સભ્ય બની જતાં કેબિનેટમાં તેમનું નામ નથી. આનંદીબેન પટેલના અધ્યક્ષતામાં યોજાયેલી આજની પ્રથમ કેબિનેટમાં રાજય કક્ષાના ત્રણ મંત્રીઓ પુરુષોત્તમ સોલંકી, વાસણ આહિર અને પરબત પટેલને પડતા મૂકવામાં આવ્યા છે. તેમના સ્થાને ચાર નવા સભ્યો શંકર ચૌધરી, બચુ ખાબડ, કાન્તિ ગામિત અને તારાચંદ છેડાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આનંદીબેન પટેલની કેબિનેટ ૨૦ સભ્યોની છે. મોદી કેબિનેટમાં મંત્રીઓને ફાળવવામાં આવેલા વિભાગોમાં એક સભ્યને બાદ કરતાં ખાસ કોઈ ચેઈન્જ કરવામાં આવ્યો નથી. મોદીની જેમ આનંદીબેન પટેલે ઉદ્યોગનો હવાલો તેમની પાસે રાખ્યો છે. એ ઉપરાંત મહેસૂલ અને શહેરી વિકાસ પણ કોઈને આપ્યું નથી. સૌરભ પટેલને નાણા ઉપરાંત તેમને અગાઉ ફાળવેલા ઉર્જા-પેટ્રો સહિતના વિભાગો યથાવત રાખવામાં આવ્યા છે.

રાજયકક્ષામાં વસુબેન ત્રિવેદીને મહિલા અને બાળ કલ્યાણનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો છે. પ્રદીપસિંહ જાડેજાના વિભાગોમાં ફેરફાર નથી પણ સ્વતંત્ર હવાલો અપાયો છે. ગૃહ રાજયમંત્રી રજની પટેલના વિભાગો યથાવત

● અનુસંધાન પાન-૭ પર



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રેમ આપવામાં અને વેરની વસુલાત કરવામાં નારીને કોઇ શક્તિશાળી પુરૂષ પણ પહોંચી ન શકે

**- જયોર્જ હાર્વી**

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૨ | ૨૩ મે, ૨૦૧૪, શુક્રવાર; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજયના મુખ્યમંત્રી તરીકે આનંદીબેનને રાજતિલક

## મહાત્મા મંદિર ખાતે ભારે ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનો શપથવિધિ સમારોહ યોજાયો : મંત્રીમંડળમાં છ કેબિનેટ અને ચૌદ રાજયકક્ષાના મંત્રીઓનો સમાવેશ

### પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વરિષ્ટ અગ્રણી લાલકૃષ્ણ અડવાણી, રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથ સિંઘ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પંજાબ, ગોવાના મુખ્યમંત્રીઓ સહિત અનેક રાષ્ટ્રીય અગ્રણીની ઉપસ્થિતિ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર,તા.૨૨

મહાત્મા મંદિર ખાતે આજે ગુજરાતના -થમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજયપાલ ડૉ.કમલાજી આનંદીબેન પટેલને શપથ લેવડાવ્યા હતા. આનંદીબેન પટેલના આ શપથવિધિ સમારોહમાં રાજય મંત્રી મંડળના કેબિનેટ કક્ષાના છ અને રાજય કક્ષાના ૧૪ મંત્રીઓને પણ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે પદનામિત વડા-ધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ તેમજ એલ.કે અડવાણી ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી હતી.

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આજે આનંદીબેન મફતલાલ પટેલે શહેરના મહાત્મા મંદિર ખાતે શપથ લીધા હતા. શપથવિધિ સમારોહ શરુ થતા પૂર્વે પોલીસ બેન્ડની શુરાવલી પર રાષ્ટ્રગીત ની ધૂન વગાડવામાં આવી હતી. મહાત્મા મંદિરના હોલમાં રાજયપાલ ડૉ. કમલાજીના આગમન બાદ શપથવિધિ સમારોહની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ભારતના પદનામિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં રાજયપાલે આનંદીબેનને મુખ્યમંત્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આનંદીબેનના મંત્રી મંડળમાં છ કેબિનેટ કક્ષાના અને ૧૪ રાજય કક્ષાના મંત્રીઓનો પણ સમાવેશ

● અનુસંધાન પાન-૭ પર




(તસવીર : દિપક જાની)

દેશનો વિકાસ હવે બનશે , વિશ્વક્રાંતિનું પ્રતિક
ગુજરાતનો વિકાસ હવે બનશે , નારીશક્તિનું પ્રતિક

જ્યાં જ્યાં વસે ગુજરાતી,
ત્યાં ત્યાં બને ગુજરાત
જ્યાં જ્યાં જશે ગુજરાતી,
ત્યાં ત્યાં થશે વિકાસ













ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી
શ્રીમતી આનંદીબેન પટેલને
હૃદય પુર્વક હાર્દિક અભિનંદન

સુવાસ બારોટ, ક્રિએટીવ ઈન્ફોસીટી લિમિટેડ પરિવાર - ગાંધીનગર

Global IT Hub
Gujarat's IT METROPOLIS for World